**ફોજદારી કેસ નંબર :– ૮૪૩ / ૨૦૨૬**
**આંક–**

૧. આ કામના આરોપી સામે આક્ષેપિત ગુન્હો એમ.વી.એકટની કલમ–**૧૮૫** તથા ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ **૬૬ ( ૧ )( બી), ૮૫ ( ૧ )** મુજબના ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે. આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. તે બાદ આરોપીની પ્લી લેવામાં આવતા તેમાં આરોપીને ગુન્હાનો સ્વીકાર કરેલ છે. આરોપી ગુન્હાનો સ્વીકાર કરતા હતા તે કબૂલાત સ્વૈચ્છિક હોવાની ખાતરી કરવામાં આવી તે બાદ આરોપી તરફથી ગુન્હા કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે તેમાં પણ તેઓએ નિખાલસપણે પોતાનો ગુન્હો સ્વૈચ્છિક રીતે કબૂલ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, તેઓનો પ્રથમ ગુન્હો છે, ગરીબ બાળ–બચ્ચાવાળા છે જેથી હળવી સજા અને દંડ કરવા માટે અરજ ગુજારેલ છે.

૨. સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર જી.એલ.આર.૨૦૦૫ પાના નંબર : ૭૦૯ ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, "**જો આરોપીનો પ્રથમ ગુન્હો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે**" આમ, ઉપરોકત ચુકાદાને નજર સમક્ષ રાખતા હાથ ઉપરના કેસમાં પણ આરોપીએ તેઓના ગુન્હા કબૂલાત પુરસીસની વિગતો જોતા તેઓનો પ્રથમ ગુન્હો હોય અને ગરીબ માણસ હોવાનું જણાવેલ છે.

૩. આ સંજોગોમાં ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીની ગુન્હો કબૂલાત સ્વૈચ્છિક હોય તથા પ્રથમ ગુન્હો હોય તેથી કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા નહિં કરતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદાને વળગીને રહીને આરોપીની કબૂલાતનો સ્વીકાર કરવામાં આવે છે અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

આરોપી– **મહેન્દ્રસિંહ હિમ્મતસિંહ મકવાણા**નાઓને બી.એન.એસ.એસ. ની કલમ – ૨૬૪ અન્વયે **એમ.વી.એકટની કલમ–૧૮૫** તથા **ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ ૬૬ ( ૧ )( બી), ૮૫ ( ૧ )** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને **એમ.વી.એકટની કલમ–૧૮૫** તથા **ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ ૬૬ ( ૧ )( બી), ૮૫ ( ૧ )** ના ગુન્હામાં રૂ. **૧૦૦૦ /–( અંકે એક હજાર પુરા)** દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવાની કસુર કરે તો દિન – પાંચની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આ હુકમ આજ–રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

બોરસદ
તારીખ :– ૧૧/૦૭/૨૦૨૬

**(એસ.કે.પટેલ)**
બીજા એડી. ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ, બોરસદ.
GJ 01326